## મહેસાણાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.અગ્રવાલ સાહેબ, મુ.મહેસાણા

બી.આઈ.આર. (ચેન્જ) નંબર. ૨ /૨૦૧૫

આંક–૨૪

અરજદાર – ચૌધરી કનુભાઈ પુંજાભાઈ,
મુ.ઉણાદ, તા.ખેરાલુ, જી.મહેસાણા.

// વિરૂધ્ધ //

સામાવાળા – (૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, દેના ગુજરાત ગ્રામીણ બેંક,
બળવંતરાય મહેતા ભવન, ચ–રોડ, સેકટર–૧૭, ગાંધીનગર.
(૨) રીજયોનલ મેનેજર, દેના ગુજરાત ગ્રામીણ બેંક,
તિરૂપતિ બજાર કોમ્પ્લેક્ષ, સિદ્ધપુર ચાર રસ્તા, પાટણ.
(૩) બ્રાન્ચ મેનેજરશ્રી, દેના ગુજરાત ગ્રામીણ બેંક,
મુ.ઉણાદ, તા.વડનગર, જી.મહેસાણા.

<u>પ્રતિનિધિત્વઃ</u>–
અરજદાર તરફે – વિ. પ્રતિનિધિશ્રી આર.કે.ચૌધરી.
સામાવાળા નં.૧ થી ૩ તરફે – વિ.વકીલશ્રી જે.એમ.પટેલ

**– ઃહુ ક મ ઃ–**

(૧) આ કામના અરજદારે સદર અરજી બી.આઈ.આર.એકટની કલમ–૭૮,૭૯ અન્વયે દાખલ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે અરજદાર સામાવાળા નં.૧ અને ૨ ના તાબાની નં.૩ માં તા.૧/૭/૧૯૯૭ થી પટાવાળા તરીકે છેલ્લા ૧૮ વર્ષથી ખંત અને વફાદારીપુર્વક ફરજ બજાવતા હતા. અરજદારે સામાવાળાઓ પાસે કાયદેસરનો નકકી કરેલ પગાર તથા લાભોની માંગણી કરતા સામાવાળાઓએ તા.૧/૨/૧૫ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલ છે. તેઓને છુટા કરતા અગાઉ કોઈપણ જાતની રજુઆત કે બચાવ કરવાની તક આપેલ નથી. આમ સામાવાળાનું અરજદારને છુટા કરવાનું પગલુ ગેરવ્યાજબી અને ગેરકાનુની અને કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધનું ઠરાવી અરજદારને પડેલા દિવસોના પુરા પગાર તથા નોકરીની સાતત્ય સહ મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરે તેવો હુકમ કરવા માંગણી કરેલ છે.

(૨) સદર અરજી દાખલ થતાં સામાવાળાઓને આંક–૩ થી નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ સામાવાળાઓને બજી જવા છતાં સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા અરજદારની આંક–૮ ની અરજી અન્વયે સામાવાળાઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. આ કામે સામાવાળાઓ તરફે આંક–૧૨ થી કામ બોર્ડ પર લેવાની અરજી આપતા જે ગ્રાહ્ય રાખવામાં આવેલ છે. આ કામે સામાવાળાઓએ આંક–૧૪ થી પ્રાથમિક મુદ્દાની અરજી રજુ કરેલ છે જે અરજી લગત અગાઉના વિ.ન્યાયાધીશશ્રીએ નાંજુર કરતો હુકમ કરેલ છે.

(૩) આ કામમાં અરજદાર તરફે નિ.૧૫/૧ અને ૧૫/૨ થી લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં ભારત સરકારના નોટીફીકેશનની નકલ તથા નિ.૧૫/૨ થી ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની નકલ રજુ કરેલ છે. ત્યારબાદ સામાવાળાઓએ સદર કેસમાં હુકમ સામે નામદાર ઔદ્યોગિક અદાલતમાં રીવીઝન અરજી દાખલ કરેલ. જે રીવીઝન નામંજુર કરવામાં આવેલ. ત્યારબાદ અરજદારે સામાવાળા સંસ્થા પાસે દસ્તાવેજો મંગાવવા બાબતે અરજી કરેલ અને આ અરજી સાથે સોગંદનામું પણ રજુ કરવામાં આવેલ.

(૩) સદર કામમાં અરજદારે આંક–૨૧ થી દસ્તાવેજો મંગાવવા બાબતની અરજી રજુ કરતા અત્રેની અદાલત દ્વારા સામાવાળાઓને દસ્તાવેજો મંગાવવા બાબતે હાજર રહેવા નોટીસ કાઢવામાં આવેલ. ત્યારબાદ સામાવાળાઓ તરફે આંક–૨૩ થી કાયદાની જોગવાઈ બાબતે પ્રાથમિક મુદ્દાની અરજી રજુ કરવામાં આવેલ. સામાવાળાઓ તરફે અરજી રજુ થયા બાદ અરજદારને જવાબ રજુ કરવા હાજર રહેવા તા.૨/૮/૨૦૨૫ના રોજ નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ બજી જવા છતાં અરજદાર તરફે હાજર રહી સદર અરજીનો જવાબ રજુ કરેલ નથી.

(૪) આ કામે સામાવાળાઓની પ્રાથમિક મુદ્દાની અરજી રજુ થયા બાદ સદર કામ અરજદારના પુરાવા પર રહેલ હતુ. અરજદારે અરજીમાં જણાવેલ હકીકતોના સમર્થનમાં કોઈ જવાબ રજુ કરેલ નથી કે કોઈ લેખિત દસ્તાવેજી પુરાવા કે સોગંદનામુ રજુ કરેલ નથી. તેમજ સામાવાળાઓએ અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતો ખોટી હોવા અંગે કોઈ જવાબ કે કોઈ પુરાવા રજુ કરેલ નથી અને આ કોર્ટ દ્વારા સામાવાળાઓની પ્રાથમિક મુદ્દાની અરજીમાં જણાવેલી હકીકતોને દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવા માટે વારંવાર તકો આપેલ હોવાછતાં અરજદારે આ કામમાં હાજર થઈને કોઈ સોગંદનામું રજુ કરેલ નથી કે મૌખિક કે લેખિત પુરાવા રજુ કરીને અરજદારે અરજીમાં જણાવેલ હકીકતોને પુરવાર કરેલ નથી. આ કામ ઘણું જુનું છે. અરજદારને તેઓનો કેસ પુરવાર કરવા માટે આ કોર્ટ દ્વારા અનેક તકો આપવામાં આવેલ છે પરંતુ અરજદારે આ કોર્ટ સમક્ષ હાજર થઈને તેઓનો કેસ પુરવાર કરેલ નથી કે સામાવાળાએ અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતોનું ખંડન કરવા કોઈ લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી અને તેઓનો કેસ પુરવાર કરેલ નથી અને તેથી અરજદારનો કેસ પુરાવાના અભાવે તેમજ ગેરહાજરીના કારણોસર રદ કરવો જોઈએ તેવું હું સ્પષ્ટપણે માનું છુ અને તેથી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

(૧) અરજદારની આ અરજી પુરાવાના અભાવે તેમજ ગેરહાજરીના કારણોસર રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

મહેસાણા
તા.૨૦/૦૮/૨૦૨૫

(મીમાંશા મહેશભાઈ અગ્રવાલ)
GJ01382
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત, મહેસાણા